# સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે ૩૨ વર્ષીય યુવકના રહસ્યમય મોતથી ચકચાર

## આગલી રાત્રે બજારમાં દેખાયા બાદ અચાનક મોત,પોલીસ-એફએસએલની ટીમ પહોંચી

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

સાવરકુંડલા તાલુકાના છાપરી ગામે ૩૨ વર્ષીય યુવકના રહસ્યમય મોતને લઈને પોલીસ તપાસ શરૂ થતાં સમગ્ર મામલો ચર્ચાસ્પદ બન્યો છે. જયદીપ સાવલિયા નામના યુવકનું એક દિવસ અગાઉ મોત થયું હતું. પરિવારજનો દ્વારા બીજા દિવસે સવારે તેમના અંતિમ સંસ્કાર પણ કરી દેવામાં આવ્યા હતા. જોકે, યુવકના મોતના સંજોગોને લઈને ઉઠેલા સવાલોના પગલે પોલીસે છાપરી ગામે પહોંચી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.



પ્રાપ્ત વિગતો મુજબ છાપરી ગામના ૩૨ વર્ષીય જયદીપ સાવલિયા બે દિવસ પહેલા રાત્રિના સમયે ગામની બજારમાં જોવા મળ્યા હતા. ત્યારબાદ અચાનક તેમનું મોત થયું હોવાનું સામે આવ્યું હતું. રાત્રે બજારમાં જોવા મળેલા યુવકનું થોડા સમય બાદ અચાનક મોત કેવી રીતે થયું? તે સહિતના સવાલો હાલ ચર્ચાના કેન્દ્રમાં છે.

યુવકના મોત બાદ પરિવારજનો દ્વારા સવારે અંતિમવિધિ કરી બીજા દિવસે સવારે અગ્નિદાહ આપી દેવામાં આવ્યો હતો. જોકે, મોતને લઈને શંકાસ્પદ સંજોગો હોવાની ચર્ચા વચ્ચે સાવરકુંડલા રૂરલ પોલીસની ટીમ છાપરી ગામે પહોંચી હતી. પોલીસ સાથે એફએસએલની ટીમે પણ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

યુવકનું મોત કુદરતી રીતે થયું છે કે પછી કોઈ અન્ય કારણોસર તેનું મોત થયું છે, તેમજ આ સમગ્ર ઘટનામાં હત્યાની કોઈ સંભાવના છે કે કેમ તે સહિતના વિવિધ પાસાંઓને ધ્યાનમાં રાખીને પોલીસે તપાસ શરૂ કરી છે. ઘટનાને પગલે ગામમાં પણ અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે.

છાપરી ગામે બનેલી આ ઘટનાને લઈને પોલીસ દ્વારા તપાસનો દોર શરૂ કરવામાં આવ્યો છે, પરંતુ હાલ પોલીસ તરફથી મોતના ચોક્કસ કારણ અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી. પોલીસનું મૌન અને એફએસએલની તપાસને પગલે યુવકના મોતનું રહસ્ય વધુ ઘેરાયું છે. હવે પોલીસ તપાસમાં યુવકના મોતનું સાચું કારણ શું સામે આવે છે. તેના પર સૌની નજર મંડાઈ છે.

# અમરેલી જિલ્લામાં ધોધમાર વરસાદ, ખેતરોમાં પાણીના વહેતા થયા

## લાઠી-દામનગર, બગસરા, સાવરકુંડલા, જાફરાબાદ, રાજુલા સુધી વરસાદી માહોલ,કુંકાવાવના બસસ્ટેન્ડમાં ગોઠણડૂબ પાણી ભરાતાં તંત્ર દોડતું થયું

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:અમરેલી શહેર સહિત સમગ્ર જિલ્લામાં આજે રવિવારે મેઘરાજાએ મન મૂકીને વરસવાનું શરૂ કરતાં અનેક પંથકોમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. બગસરા, લાઠી, લીલીયા, બાબરા, કુંકાવાવ, સાવરકુંડલા, રાજુલા અને જાફરાબાદ સહિતના વિસ્તારોમાં વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. અનેક ગ્રામ્ય વિસ્તારોમાં ખેતરોમાંથી વરસાદી પાણીના વહેણ શરૂ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

બગસરા શહેર ઉપરાંત ઘંટીયાળ અને માણેકવાડા સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. બગસરા પંથકમાં અંદાજે એક ઈંચ જેટલો વરસાદ ખાબકતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી વહેવા લાગ્યું હતું. બીજી તરફ સાવરકુંડલા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ મહેર કરી હતી. ઘોબા, પીપરડી, શેલણા અને મોટા ભમોદ્રા સહિતના ગામોમાં ધોધમાર વરસાદ પડતાં ખેતરોમાંથી પાણી વહેવા લાગ્યા હતા.

અમરેલી તાલુકાના ચિતલ તેમજ વડિયા તાલુકાના રામપુર-તોરી ગામમાં પણ ધોધમાર વરસાદ નોંધાયો હતો. બાબરા પંથકના સુખપુર અને ખંભાળા ગામે વરસાદ પડ્યો હતો. ધારી અને ચલાલા પંથકમાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. રાજુલા તાલુકાના દાતરડી ગામમાં ધોધમાર વરસાદ પડ્યો હતો, જ્યારે જાફરાબાદના બાબરકોટ સહિતના ગામોમાં પણ સારો વરસાદ વરસ્યો હતો.

લાઠી શહેર અને દામનગર પંથકમાં સતત બીજા દિવસે મેઘમહેર યથાવત રહી હતી. લાઠી શહેરમાં ધોધમાર વરસાદ શરૂ થતાં રસ્તાઓ પર પાણીના પ્રવાહ જોવા મળ્યા હતા. દામનગર, ઠાંસા, ધુફણીયા, કેરાળા અને દુધાળા સહિતના ગામોમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. દામનગર નજીકના મેમદા અને આંબરડી ગામમાં પણ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. સતત વરસાદને પગલે ગ્રામ્ય પંથકમાં ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

સાવરકુંડલા પંથકમાં સારા વરસાદથી કપાસ અને મગફળી સહિતના ખેતીપાકોને મોટો ફાયદો થવાની આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. લાઠી પંથકમાં મગફળી, કપાસ, સોયાબીન સહિતના પાકો માટે વરસાદ આશીર્વાદરૂપ બન્યો છે.

લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઘોઘમાર વરસાદ શરૂ થયો હતો. નાના કણકોટ સહિતના ગામોમાં સારો વરસાદ પડ્યો હતો. અમરેલીના દેવભૂમિ દેવળીયા ગામમાં પણ ધોધમાર વરસાદ ખાબકતાં ખેતરોમાં પાણી વહેવા લાગ્યા હતા. ખેતરોના વોકળાઓમાં પાણીના વહેણ જોવા મળતાં ગ્રામ્ય પંથકમાં વરસાદના જીવંત દ્રશ્યો સામે આવ્યા હતા.



જાફરાબાદના કોસ્ટલ બેલ્ટ વિસ્તારમાં પણ વરસાદ પડ્યો હતો. જાફરાબાદ શહેરની બજારોમાં વરસાદી પાણી વહેવા લાગતાં રસ્તાઓ પર પાણીના પ્રવાહ જોવા મળ્યા હતા. કોસ્ટલ બેલ્ટમાં વરસાદના કારણે વાતાવરણ ઠંડુગાર બન્યું હતું.

દરમિયાન કુંકાવાવ તાલુકામાં પણ મેઘરાજાએ ધોધમાર વરસાદ વરસાવ્યો હતો. કુંકાવાવ શહેરમાં ભારે વરસાદને પગલે અનેક સ્થળોએ પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. ખાસ કરીને બસસ્ટેન્ડ વિસ્તારમાં ગોઠણડૂબ જેટલું વરસાદી પાણી ભરાતાં લોકો અને વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. રોડના કામ દરમિયાન પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે વરસાદી પાણી ભરાયાની ચર્ચા વચ્ચે તંત્ર દ્વારા પાણીના નિકાલની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

કુંકાવાવના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદથી ખેતરોના કાંઠે પાણી વહેવા લાગ્યા હતા. સમગ્ર અમરેલી જિલ્લામાં સતત વરસાદી માહોલ સર્જાતાં ખેડૂતોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ખાસ કરીને મગફળી, કપાસ, સોયાબીન સહિતના વિવિધ ખેતીપાકો માટે હાલનો વરસાદ ફાયદાકારક બની રહેવાની આશા ખેડૂતોમાં જાગી છે

# લીલીયા સરકારી કોલેજની એન.સી.સી. કૅડેટ ધ્રુવિ ડાભસરાએ હિમાલયના ૧૬,૪૬૦ ફૂટ ઊંચા શિખરો સર કરી સંસ્થાનું નામ રોશન કર્યું





## ગ્લેશિયર ટ્રેકિંગ અને રિવર ક્રોસિંગ જેવી કપરી તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરતી સરકારી વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજની વિદ્યાર્થીની

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના લીલીયા ખાતે આવેલ સરકારી વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજની એન.સી.સી. યુનિટની તેજસ્વી કેડેટ ડાભસરા ધ્રુવિબહેન બિપીનભાઈ ડાભસરાએ હિમાલયની ગિરિમાળાઓમાં સાહસ અને શૌર્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ધ્રુવિબેને અરુણાચલ પ્રદેશમાં સ્થિત પ્રતિષ્ઠિત 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનરિંગ એન્ડ અલાઈડ સ્પોર્ટ્સ' ખાતે આયોજિત એક મહિનાના અત્યંત કપરા અને સાહસિક એડવેન્ચર કેમ્પને સફળતાપૂર્વક પૂર્ણ કરી કૉલેજ અને સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે. તા. ૧૫ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર ૨૬ દરમિયાન યોજાયેલા આ રાષ્ટ્રીય કક્ષાના કેમ્પમાં કેડેટે પોતાની મક્કમતા અને સાહસિક વૃત્તિનો પરિચય કરાવ્યો હતો.

આ સઘન તાલીમ દરમિયાન હિમાલયના ૧૬,૪૬૦ ફૂટ ઊંચા શિખરો સર કરી સંસ્થાનું નામ રોશન કર્યું હતું. કેડેટે ૧૬,૪૬૦ ફૂટની ગગનચુંબી ઊંચાઈ પર બરફની પહાડો અને ગ્લેશિયર્સ પર ટ્રેકિંગ કરીને પોતાની દ્રઢ મનોસ્થિતિનું પ્રદર્શન કર્યું હતું. કેમ્પમાં તેમણે ઊંચી કુદરતી અને કૃત્રિમ પર્વતની દીવાલો પર સેફ્ટી હાર્નેસ, રોપ્સ અને અત્યાધુનિક માઉન્ટેનરિંગ ગિયર્સની મદદથી રૉક ક્લાઈમ્બિંગ અને વૉલ ક્લાઈમ્બિંગની સખત તાલીમ મેળવી હતી. આ ઉપરાંત, નદી પર બાંધવામાં આવેલા હાઈ-ટેન્શન રોપ કેબલ દ્વારા પાણીના પ્રવાહ વચ્ચે સંતુલન જાળવીને રિવર ક્રોસિંગ અને રોપ ટ્રાવેર્સલ જેવી પડકારજનક પ્રવૃત્તિઓ પણ સફળતાપૂર્વક પાર પાડી હતી.

આ કેમ્પ માત્ર શારીરિક કવાયત પૂરતો મર્યાદિત ન રહેતા, કેડેટમાં માનસિક મજબૂતાઈ અને નેતૃત્વના ગુણો વિકસાવવા માટે પણ અત્યંત મહત્વનો પુરવાર થયો છે. વિષમ વાતાવરણ અને હાડ થીજવતી ઠંડી જેવી કપરી પરિસ્થિતિઓમાં જીવ બચાવવાની સર્વાઈવલ સ્કિલ્સ અને એન્ડ્યુરન્સ ટ્રેનિંગ દ્વારા ધ્રુવિબેને સંકટના સમયે યોગ્ય નિર્ણય લેવાની કુશળતા કેળવી છે. એન.સી.સી.ના 'બી' અને 'સી' પ્રમાણપત્ર મેળવતા કેડેટ્સ માટે આ પ્રકારના રાષ્ટ્રીય કક્ષાના સાહસિક કેમ્પો સશસ્ત્ર સેનાઓમાં કારકિર્દી બનાવવા માટે અને ભવિષ્યના ઘડતર માટે માર્ગ મોકળો કરે છે.

કેડેટ ધ્રુવિબહેનની આ ઐતિહાસિક સિદ્ધિ પાછળ સરકારી વિજ્ઞાન અને વાણિજ્ય કૉલેજ, લીલીયાના આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ રાઠોડ (જી.ઈ.એસ. ક્લાસ-૧)ના સચોટ નેતૃત્વ અને સતત પ્રેરણા મુખ્ય સ્ત્રોત રહ્યા છે. એન.સી.સી. ઓફિસર ડૉ. મહેશ ગઢિયાના કુશળ માર્ગદર્શન હેઠળ કેડેટે આ પડકારજનક તાલીમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ગૌરવશાળી સફળતા બદલ આચાર્ય, એન.સી.સી. અધિકારી અને સમગ્ર કૉલેજ પરિવાર દ્વારા કેડેટ ડાભસરા ધ્રુવિબહેનને હાર્દિક અભિનંદન પાઠવી તેમના ઉજ્જવળ ભવિષ્યની કામના કરવામાં આવી છે.

## ડબલા અને પ્લાસ્ટિકના કેન લઈને લોકો ઘટનાસ્થળે ઉમટ્યા

# અમરેલીના બગસરા ગામે બાયપાસ પર તેલ ભરેલું ટેન્કર પલટી જતા, તેલ લેવા લોકોની પડાપડી





(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના બગસરા ખાતે ગઈકાલે અમરેલી બાયપાસ રોડ પર તેલ ભરેલા એક ટેન્કરને અકસ્માત નડતાં ટેન્કર પલટી ખાઈ ગયું હતું. ટેન્કર પલટી જતાં ટેન્કરમાં ભરેલ તેલ બહાર વહેવા લાગ્યું હતું. બનાવની જાણ થતાં જ મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા.

ટેન્કરમાંથી તેલ બહાર ઢોળાતું જોઈ કેટલાક લોકો હાથમાં જે વાસણ આવ્યું તે લઈને તેલ ભરવા માટે પડાપડી કરતા જોવા મળ્યા હતા. કોઈ તપેલું, કોઈ ડબલું તો કોઈ પ્લાસ્ટિકના કેન સહિતના વાસણો લઈને ઘટના સ્થળે પહોંચ્યા હતા અને પલટી ગયેલા ટેન્કરમાંથી તેલ ભરતા નજરે પડ્યા હતા.

આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. વીડિયોમાં મોટી સંખ્યામાં લોકો ટેન્કર માંથી તેલ ભરતા જોવા મળી રહ્યા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોકોની ભીડ એકઠી થતાં પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા પોલીસ પણ સ્થળ પર પહોંચી હતી.

બાયપાસ રોડ પર ટેન્કર પલટી જતાં થોડા સમય માટે લોકોના ટોળા એકત્ર થતાં વાહનચાલકોમાં પણ કુતૂહલ જોવા મળ્યું હતું. અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ છે કે, કેમ તેમજ ટેન્કર કેવી રીતે પલટી ગયું તે અંગેની વધુ વિગતો પોલીસ તપાસ બાદ સામે આવશે.

# અમરેલીમાં વિવિધ સંસ્થા સાથે સંકળાયેલ બે આગેવાનોના મોબાઈલ હેક થતા ભારે ચકચાર

## બંને આગેવાનના કોન્ટેક નંબરોમાં લગ્નની કંકોત્રીના નામે હેકર દ્વારા એપીકે ફાઈલ મોકલાઈ,પોલીસે આવી એપીકે ફાઈલ ન ખોલવા એડવાઈઝરી જારી કરી

અમરેલી: અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા જ સમયથી સાયબર ગઠિયાઓમાં પોતપ્રકાશી રહ્યા છે. જિલ્લામાં હજુ એસ.ડી.એપનું કૌભાંડ ચર્ચામાં છે. તેવા સમયે અમરેલી શહેરના વિવિધ સંસ્થા સાથે જોડાયેલા બે આગેવાનોના મોબાઈલ નંબર કોઈ હેકરે હેક કર્યા બાદ તે મોબાઈલ નંબર ઉપરથી હેકર દ્વારા સેકડો લોકોને લગ્ન કંકોત્રીના નામે એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી. આ ફાઈલ ખોલતા જ અનેક લોકોના મોબાઈલ હેક થયા હતા. પોલીસે આવી એપીકે ફાઈલ ના ખોલવા લોકોને અપીલ કરી છે. જો કે, જે લોકોના ફોન હેક થયા છે તેમના બેંક ખાતાઓમાંથી નાણા ઉપડયા કે કેમ? તે હજુ સ્પષ્ટ થયું નથી.

સાઈબર ગઠિયાઓએ મોબાઈલ હેક કરવા માટે અમરેલીના રાજકીય રીતે સંકળાયેલ અને લેઉવા પટેલ સમાજ તથા એક કડવા પટેલ સમાજના આગેવાનોને પસંદ કર્યા હતા. જેમાં અમરેલીના કડવા પાટીદાર સમાજના પ્રમુખ અને જાણીતા પટેલ મંડપ સર્વિસ વાળા વજુભાઈ ગોલનો મોબાઇલ હેક થયો હતો. અને મોબાઈલમાંથી સેકડો લોકોને એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી. તેમના ઘરે શુભ પ્રસંગ હોવાના નામે મેસેજ સાથેની કંકોત્રી અનેક લોકોના મોબાઇલમાં પહોંચી હતી. વજુભાઈ પટેલ શહેરની અનેક સામાજિક સંસ્થાઓ સાથે પણ જોડાયેલા છે. તેમના તરફથી આમંત્રણ મળતા જ અનેક લોકોએ આ




ફાઈલ ખોલી હતી. જેને પગલે તેમના મોબાઈલ પણ હેક થયા હતા.

આવી જ રીતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડો. જી. જે ગજેરાનો મોબાઈલ પણ હેક થયો હતો અને તેમના મોબાઈલમાંથી પણ અનેક લોકોને એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી. જો કે બંને આગેવાનોનો મોબાઈલ હેક થયા બાદ તેમનું whatsapp ચાલતું બંધ થઈ ગયું હતું. આ અંગે જાણ થતા જ બંને આગેવાનો અમરેલી સાયબર પોલીસ મથકે પહોંચ્યા હતા પોલીસે હાલમાં તેમના મોબાઈલમાંથી આ પ્રકારની ફાઈલો દૂર કરાવી હતી અને ઈન્ટરનેટ કનેક્શન બંધ કરાવ્યું હતું. જો કે જે લોકોને છેતરપિંડીના ઉદેશથી એપીકે ફાઈલ મોકલવામાં આવી હતી તે સંદર્ભમાં હાલ કોઈ કાર્યવાહી થઈ શકી ન હતી.

સામાન્ય રીતે એપીકે ફાઈલ ઓપન કર્યા બાદ મોબાઈલ એક થાય છે. આવી એપીકે ફાઈલ ઓપન મોબાઈલનો કમાન્ડ હેકરના હાથમાં ચાલ્યો જાય છે. આવા કિસ્સામાં જે લોકો ઓનલાઈન પેમેન્ટ કરતા હોય છે. અને તેમના એકાઉન્ટનો કમાન્ડ પણ હેકરના હાથમાં જતો હોય તેમના ખાતામાંથી રકમ ઉપડી જવાની પૂરેપૂરી શક્યતા છે. હાલમાં કેટલા લોકોના મોબાઈલ હેક થયા અને કોઈની સાથે નાણાની છેતરપિંડી થઈ છે કે કેમ તે સ્પષ્ટ થઈ શક્યું નથી.

આ બનાવની તાત્કાલિક પોલીસમાં જાણ કરવામાં આવતા અમરેલી જિલ્લા પોલીસની દ્વારા લોકો માટે અપીલ કરી હતી કે, સાયબર ઠગો દ્વારા આવી શંકાસ્પદ ફાઈલના માધ્યમથી મોબાઈલમાં હાનિકારક એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવી વ્યક્તિગત માહિતી, બેંકિંગ વિગતો અથવા અન્ય સંવેદનશીલ ડેટાનો દુરુપયોગ કરી સાયબર ફ્રોડ આચરવામાં આવી શકે છે. તેથી વોટ્સએપ પર પ્રાપ્ત થતી અજાણી છદ્મ ફાઈલને તાત્કાલિક ડિલીટ કરી દેવી અને તેને ખોલવી કે ઈન્સ્ટોલ કરવી નહીં.

અમરેલી જિલ્લા પોલીસે નાગરિકોને ખાસ અપીલ કરી છે કે, કોઈપણ શંકાસ્પદ લિંક, ફાઈલ અથવા એપ્લિકેશન અંગે ઉતાવળમાં કાર્યવાહી ન કરે અને મોબાઈલમાં અજાણી એપ્લિકેશન ઈન્સ્ટોલ કરવાનું ટાળે. સાયબર ફ્રોડનો ભોગ બનવાના કિસ્સામાં તાત્કાલિક ૧૯૩૦ નંબર પર ડાયલ કરી ફરિયાદ નોંધાવવા જણાવાયું છે.

સાથે જ સાયબર ક્રાઈમ અંગેની લેટેસ્ટ અવેરનેસ અને મહત્વપૂર્ણ માહિતી મેળવવા માટે નાગરિકોને સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલીની વોટ્સએપ ચેનલ ફોલો કરવા પણ અમરેલી જિલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# લીલીયા નગરને તંત્રએ ખાડામાં ધકેલ્યું! આડેધડ ખોદકામથી વાહનચાલકો-રાહદારીઓ ત્રાહિમામ

## મુખ્ય માર્ગોથી શેરી-ગલીઓ સુધી કાદવ-કીચડ અને ભુવા જેવા ખાડાઓનું સામ્રાજય

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લાના લીલીયા શહેરમાં વિકાસના દાવાઓ વચ્ચે રોડ-રસ્તાની વાસ્તવિક સ્થિતિ કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. શહેરના મુખ્ય માર્ગોથી લઈ શેરી-ગલીઓ સુધી અનેક સ્થળોએ કાદવ-કીચડ અને ભુવા જેવા ખાડાઓનું સામ્રાજ્ય છવાઈ જતાં લોકોની અવર જવર મુશ્કેલ બની છે. વરસાદી માહોલમાં રસ્તાઓની હાલત વધુ બિસ્માર બનતા વાહનચાલકો અને રાહદારીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.



લીલીયા શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ ઉપર ઠેર-ઠેર મોટા ખાડાઓ પડી ગયા છે. વરસાદી પાણી ભરાઈ જતાં ખાડાઓની ઊંડાઈનો અંદાજ પણ આવતો નથી, જેના કારણે ટુ-વ્હીલર ચાલકો માટે અકસ્માતનો ભય સતત સતાવી રહ્યો છે. શેરી-ગલીઓમાં કાદવ અને કીચડના કારણે સ્થાનિકોને ઘરની બહાર નીકળવું પણ મુશ્કેલ બન્યું છે.

શહેરમાં નળ સે જલ યોજના તેમજ ભૂગર્ભ ગટર રીનોવેશન સહિતની વિવિધ કામગીરી દરમિયાન રસ્તાઓનું ખોદકામ કરવામાં આવ્યું છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ અનેક સ્થળોએ કામગીરી બાદ રસ્તાઓનું યોગ્ય રીતે રિસ્ટોરેશન કરવામાં આવ્યું નથી. પરિણામે પહેલાથી જ ખરાબ રસ્તાઓની સ્થિતિ વધુ વિકટ બની હોવાનું લોકો જણાવી રહ્યા છે.

શહેરના રસ્તાઓ પરના ખાડાઓનું પુરાણ, કાદવ-કીચડ દૂર કરવા તેમજ ખોદકામ બાદ રસ્તાઓનું યોગ્ય રીતે રિસ્ટોરેશન કરવા તંત્ર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે. માત્ર કાગળ પરના વિકાસકામો નહીં પરંતુ જમીન પર લોકોને ઉપયોગી બને તેવી સુવિધાઓ ઉભી કરવામાં આવે તેવી પણ માંગ ઉઠી છે.

એક તરફ સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ લીલીયામાં રસ્તાઓની આવી દયનીય સ્થિતિ કેમ સર્જાઈ તે અંગે સવાલો ઉઠી રહ્યા છે. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે વિકાસકામોની ગુણવત્તા અને નિયમોનું પાલન થયું છે કે નહીં તેની તપાસ થવી જરૂરી છે.

લીલીયા શહેરમાં નળ સે જલ યોજના, ભૂગર્ભ ગટર રીનોવેશન, આડેધડ કરવામાં આવેલા રોડ ખોદકામ તેમજ ત્યારબાદના રિસ્ટોરેશન સહિતના તમામ કામોની ઉચ્ચકક્ષાએથી તટસ્થ તપાસ કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી રહી છે. કામોની ગુણવત્તા, ખર્ચાયેલા સરકારી નાણાં અને નિયમો મુજબ કામગીરી થઈ છે કે નહીં તેની તપાસ કરવામાં આવે તો સમગ્ર કામગીરીની વાસ્તવિકતા સામે આવી શકે તેમ છે.

# ડેડકડી ગામે મોડી રાત્રે છ સિંહ ઘૂસ્યા: શેરીઓમાં લટાર, ગ્રામજનોમાં ફફડાટ



અમરેલી:

સાવરકુંડલા તાલુકાના ડેડકડી ગામમાં મોડી રાત્રે એકસાથે છ સિંહ ગામની અંદર લટાર મારતા દેખાયા હતા. સિંહોનો ગામમાં પ્રવેશ સીસીટીવી કેમેરામાં કેદ થતા આ ઘટનાની ચર્ચા થઈ રહી છે.

મળતી માહિતી પ્રમાણે, મોડી રાત્રે ડેડકડી ગામમાં એક પછી એક છ સિંહનું ટોળું ઘૂસ્યું હતું. ગામની શેરીઓમાંથી પસાર થતા સિંહોની લટાર સીસીટીવી કેમેરામાં સ્પષ્ટ દેખાઈ હતી. એકસાથે છ સિંહ ગામની અંદર જોવા મળતા ગ્રામજનોમાં આશ્ચર્ય સાથે ફફડાટ ફેલાયો હતો.

રાત્રિના સમયે ગામની અંદર સિંહોના ટોળાની અવરજવરથી લોકોમાં કુતૂહલ થયું હતું. સીસીટીવીમાં કેદ થયેલા આ દ્રશ્યો હાલ ચર્ચામાં છે. સિંહ શાંતિથી ગામની શેરીઓમાંથી પસાર થઈ ફરી જંગલ તરફ નીકળી ગયા હોવાનું જાણવા મળ્યું છે.ડેડકડી સહિત આસપાસના ગામડાઓમાં સિંહોની સતત અવરજવર રહેતી હોવાથી ગ્રામજનો રાત્રિના સમયે સાવચેત રહે છે.